# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મિઝોરમના આઈઝોલમાં નવ હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓના વર્ચ્યુઅલ ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યા**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મણિપુરમાં આઠ હજાર 500 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કાર્યક્રમમાં ઉપસ્થિત.**
3. **ભારત ગ્રીન હાઇડ્રોજન ઇનોવેશન માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.**
4. **રશિયાના કામચટકા પ્રદેશના પૂર્વીય દરિયાકાંઠે રિક્ટર સ્કેલ પર 7.4ની તીવ્રતાનો ભૂકંપ આંચકો આવ્યો – સુનામીની ચેતવણી**
5. **સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ હોંગકોંગ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના ફાઇનલમાં પ્રવેશ કર્યો.**

…………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો….**

## PM-MIZORAM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મિઝોરમના આઈઝોલમાં નવ હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓના વર્ચુયલ ઉદ્ઘાટન અને ખાત મુહૂર્ત કર્યા. આ પરિયોજનાથી રેલ્વે, રોડ, ઉર્જા, રમતગમત સહિત અનેક ક્ષેત્રોને ફાયદો થશે.. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ આઠ હજાર કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ બૈરાબી-સૈરાંગ નવી રેલ્વે લાઇનનું ઉદ્ઘાટન કર્યું.જે *મિઝોરમને દેશના બાકીના ભાગ સાથે રેલ્વે દ્વારા જોડશે.એક અહેવાલ*

## VC - DEEPENDRA--RAIL-NETWORK-AIZOLE

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે ૯:૧૦ વાગ્યે લેંગપુઇ હવાઈ ઉતર્યા હતા. જોકે, પ્રતિકૂળ હવામાનને કારણે, તેઓ તુઆમ્પુઇ હેલિપેડ પર ઉતરી શક્યા ન હતા. પરિણામે, બૈરાબી-સૈરાંગ રેલ્વે લાઇનનું ઉદ્ઘાટન એરપોર્ટ પરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યુ. પ્રધાનમંત્રી ઐઝોલ અને દિલ્હી વચ્ચેની પ્રથમ રાજધાની એક્સપ્રેસ ટ્રેન, બે અન્ય ટ્રેનો - ઐઝોલ - ગુવાહાટી અને ઐઝોલ-કોલકાતાને લીલી ઝંડી બતાવી અને નવી રેલ્વે લાઇનનું ઉદ્ઘાટન કર્યું*

*શ્રી મોદીએ એક જાહેર સભાને પણ સંબોધિત કરી .*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મણિપુરમાં ૮,૫૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કાર્યક્રમમાં ઉપસ્થિત છે. બાદમાં, તેઓ ઇમ્ફાલમાં ૧૨૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

સાંજે, શ્રી મોદી આસામના ગુવાહાટીમાં ડૉ. ભૂપેન હજારિકાની ૧૦૦મી જન્મજયંતિ સમારોહમાં હાજરી આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## YESSO-GREEN-HYDROGEN

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઈકે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારત ગ્રીન હાઇડ્રોજન ઇનોવેશન માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. મંત્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં બે દિવસીય પ્રથમ ગ્રીન હાઇડ્રોજન આર એન્ડ ડી કોન્ફરન્સના સમાપન સત્રને સંબોધતા આ વાત કહી હતી.

ગ્રીન હાઇડ્રોજનના મહત્વ પર પ્રકાશ પાડતા, શ્રી નાઈકે કહ્યું કે આ ઇંધણ નવા વ્યવસાય ક્ષેત્રો ખોલશે અને સ્વચ્છ અને સુરક્ષિત ભવિષ્ય બનાવશે. તેમણે કહ્યું કે ભારત 2070 સુધીમાં ચોખ્ખા શૂન્ય કાર્બન ઉત્સર્જન પ્રાપ્ત કરવાના માર્ગ પર છે જે સૌથી મુશ્કેલ ક્ષેત્રોમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાનું, નવી વેપાર સીમાઓ ખોલવાનું, સ્વચ્છ અને સુરક્ષિત ભવિષ્ય બનાવવાનું વચન આપે છે.

તેમણે પુનરોચ્ચાર કર્યો કે રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન દ્વારા, ભારત હાઇડ્રોજન ટેકનોલોજીમાં નવીનતા અને ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GST

**GST કાઉન્સિલે નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડ્યા. ખાદ્યપદાર્થો અને સ્ટેશનરી વસ્તુઓને અસર કરતા સુધારાઓ પર સાંભળીએ એક અહેવાલ**

**(VC- /SOUMYA)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH-TRIBUTE

કેન્દ્રીય મંત્રી અમિત શાહે આજે સ્વાતંત્ર્ય સેનાની જતીન્દ્રનાથ દાસને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે દેશની સ્વતંત્રતામાં તેમના બલિદાન અને યોગદાન પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે યુવાનોએ તેમના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ**

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

## BIHAR-ELECTION

ભાજપના વરિષ્ઠ નેતા અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં નીતિશ કુમાર NDAના મુખ્ય મંત્રી પદનો ચહેરો હશે. આકાશવાણી ન્યૂઝ સાથેની એક ખાસ મુલાકાતમાં શ્રી ચૌધરીએ કહ્યું કે ભાજપ અને રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધનને મુખ્યમંત્રી નીતિશ કુમાર પર સંપૂર્ણ વિશ્વાસ છે. તેમણે કહ્યું કે આગામી વિધાનસભા ચૂંટણીઓ શ્રી નીતિશ કુમારના નેતૃત્વમાં લડવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે વિધાનસભા ચૂંટણીમાં ખાસ સઘન સુધારાનો મુદ્દો નથી. તેમણે કહ્યું કે વિપક્ષે આ મુદ્દા પર લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. શ્રી ચૌધરીએ કહ્યું કે વિધાનસભા ચૂંટણીમાં NDA માટે મુખ્ય મુદ્દો વિકાસ હશે.

.............................

## RUSSIA-TREMOR

આજે સવારે રશિયાના કામચટકા પ્રદેશના પૂર્વી દરિયાકાંઠે રિક્ટર સ્કેલ પર 7.4 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે સુનામીની ચેતવણી આપવામાં આવી હતી.

અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર, ભૂકંપ કામચટકા પ્રદેશના વહીવટી કેન્દ્ર પેટ્રોપાવલોવસ્ક-કામચટસ્કીથી 111 કિલોમીટર પૂર્વમાં 39.5 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપ બાદ, કામચટકા પ્રદેશના સ્થાનિક અધિકારીઓએ સુનામીની ચેતવણી જાહેર કરી હતી.

દરમિયાન, જાપાનના સત્તાવાર મીડિયાએ જાપાન હવામાન એજન્સીને ટાંકીને અહેવાલ આપ્યો છે કે કામચટકામાં આવેલા ભૂકંપથી જાપાનના દરિયાકાંઠે ભરતીના મોજા આવી શકે છે, પરંતુ દેશમાં કોઈ નુકસાન થવાનું જોખમ નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-UN-PALESTINE

ભારતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પેલેસ્ટાઇન મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલના અમલીકરણ પર 'ન્યૂ યોર્ક ઘોષણા'ને સમર્થન આપતા ઠરાવની તરફેણમાં મતદાન કર્યું છે. ગઈકાલે, ફ્રાન્સના આ પ્રસ્તાવના પક્ષમાં ૧૪૨

દેશોએ મતદાન કર્યું હતું અને ૧૦ દેશોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું. ૧૨ દેશોએ મતદાનમાં ભાગ લીધો ન હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON HONG KONG OPEN

સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ હોંગકોંગ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ભારતીય જોડીએ આજે સવારે સેમિફાઇનલમાં ચાઇનીઝ તાઈપેઈના ચેન ચેંગ કુઆન અને લિન બિંગ-વેઈને 21-17, 21-15થી હરાવ્યા હતા.

આજે સાંજે પુરુષ સિંગલ્સની સેમિફાઇનલમાં લક્ષ્ય સેનનો મુકાબલો ચાઇનીઝ તાઈપેઈના ચૌ ટિએન-ચેન સામે થશે. ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્યે ભારતના આયુષ શેટ્ટીને 21-16, 17-21, 21-13થી હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WORLD-ATHLETICS-CHAMPIONSHIPS

જાપાનના ટોક્યો ખાતે આજે 20મી વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ શરૂ થઈ. પુરુષોની 35 કિમી રેસ વોક રમતમાં, ભારતના સંદીપ કુમાર 23મા સ્થાને રહ્યા જ્યારે રામ બાબુ દોડ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા.

કેનેડાના ઇવાન ડનફીએ સુવર્ણ , બ્રાઝિલના કૈઓ બોનફિમે રજત અને જાપાનના હયાતો કાત્સુકીએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BHAGAWAT-TARIFFS

RSSના વડા મોહન ભાગવતે કહ્યું છે કે ભારતીય ચીજવસ્તુઓ પર ટેરિફ વધતી જતી ભારતની બીકથી લાદવામાં આવે છે. તેમણે કહ્યું કે ભારત એક ઉદાહરણ સ્થાપિત કરી શકે છે અને એક પ્રભુત્વશાળી ગુરુને બદલે વિશ્વ સમક્ષ મિત્ર તરીકે પોતાને સ્થાપિત કરી શકે છે.

તેમણે સૂચન કર્યું કે ટેરિફ લાદનારાઓએ સ્વ-કેન્દ્રિત અભિગમથી દૂર રહેવું જોઈએ અને વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે પોતાનાપણું અપનાવવું જોઈએ..રાષ્ટ્રો ભાઈચારો અને શાંતિ દ્વારા ભય પર વિજય મેળવી શકે છે.

બ્રહ્માકુમારી વિશ્વ સમિતિ સરોવરના સાતમા સ્થાપના દિવસ પર પોતાના સંબોધનમાં, ભાગવતે આ ટેરિફને સ્વ-કેન્દ્રિત માનસિકતાનું પરિણામ ગણાવ્યું. ભાગવતે કહ્યું કે દુનિયાના લોકોને ડર છે કે જો ભારતનો વિકાસ થશે તો તેમની જગ્યા ઓછી થઈ જશે, તેથી તેઓ ટેરિફ લાદે છે..

. . . . . . . . . . . . . . .

## PAKISTAN-HUMAN-RIGHTS-LAWYER

સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદની બેઠકમાં, માનવ અધિકાર વકીલ અને સંયુક્ત રાષ્ટ્રસંઘના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હિલેલ ન્યુઅરે પાકિસ્તાનને આતંકવાદનું પ્રાયોજક રાષ્ટ્ર ગણાવ્યું, જ્યારે પાકિસ્તાને ઇઝરાયલી હુમલાઓ સામે કતારને ટેકો આપ્યો.

ગુરુવારે, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બીજી બેઠકમાં, ઇઝરાયલી રાજદૂત ડેની ડેનને કતાર હુમલાનો બચાવ કર્યો અને તેની સરખામણી પાકિસ્તાનમાં ઓસામા બિન લાદેનને મારવા માટે અમેરિકાના હુમલા બાબતે વાત  કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .